

શ્રીસ્વામિનારાયણ મંદિર,
કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

સપ્ટેમ્બર-૨૦૨૫



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

સપ્ટેમ્બર, ૨૦૨૫





# અનુક્રમણિકા


3 સફળતા કરતાં સંતોષ શ્રેષ્ઠ છે
- પ.પૂ.શ્રીગુરુજી

4 આત્મભાવે-બ્રહ્મભાવે ભજન કર્યાનો લાભ !
- પ.પૂ.શ્રીગુરુજી

6 હીરો
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

7 અમૃત જેવું મીઠું ભોજન...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 મારા શ્યામ, તું જ મારું બધું
- સાધુ વર્ણિવેષદાસ

12 કૃતઘ્નીથી સાવધાન..!
- સાધુ પ્રસન્નવદનદાસ

14 એક ક્ષણ
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

16 ભગવાનનો સાચો રાજીપો શું ?
- સાધુ અનાદિસ્વરૂપદાસ

18 સત્સંગ સમાચાર




: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ ભાદરવો સુદ-૧૩, તા.૦૫/૦૯/૨૦૨૫ શુક્રવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## સત્સંગ સુધા

જ્ઞાન પ્રભુને પમાય છે, નાના થવાથી જ;
મોટા થવાથી ક્યારેય, પ્રભુ પમાતા નથી જ.

મોટાપુરુષની સાથે, અતિ જોડાય જાવું;
જ્ઞાન તેનાં વચન માની, હરિને પામી જાવું.

# કાવ્યકૃપા

## સફળતા કરતાં સંતોષ શ્રેષ્ઠ છે

સફળતા કરતાં સંતોષનું, સદા ઊંચું છે સ્થાન;
પેલું કોક નક્કી કરે છે, બીજું પોતે જ જ્ઞાન...૦૧

ખુશી થોડા સમય માટે, સંતોષ દે છે જ્ઞાન;
સંતોષ કાયમ માટે જ, ખુશી દે છે મહાન...૦૨

તમને તમારી જિંદગી, ગમતી નથી નિદાન;
તેવી જિંદગી જીવવા, ઘણા તરસે છે જ્ઞાન...૦૩

દુનિયામાં ઘણાં દુઃખ છે, તેની વચ્ચે હું જ્ઞાન;
ઘણો બધો સુખી જ છું ને, ઘણો બધો છું મહાન...૦૪

**રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ**

(સં.૨૦૮૦, શ્રાવણ વદ-૭; તા.૨૫/૦૮/૨૦૨૪, કુંડળધામ)







કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૩૧/૧૨/૨૦૨૩ ને રવિવારના રોજ
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન

# આત્મભાવે-બ્રહ્મભાવે ભજન કર્યાનો લાભ !

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

વહાલા ભક્તો ! સ્મરણ કયા ભાવમાં થાય છે ? દેહભાવમાં કે આત્મભાવમાં ? એનો થોડો ખ્યાલ રાખવો જરૂરી છે. આપણને એવી કાંઈક લટક હાથમાં આવે, એવી કાંઈક સમજણ ભેજામાં બેસે કે જેથી આત્મભાવે-બ્રહ્મભાવે સ્મરણ થાય. ઘણા યુગોથી આપણે દેહરૂપે જીવી રહ્યા છીએ. આપણે આ શરીર નહિ પણ ચૈતન્યરૂપ આત્મા છીએ અને એમાં પરમાત્માનું સ્વરૂપ સ્થિત છે. **ભગવાન પાસે દેહભાવથી નહિ, આત્મભાવે જવાય છે, માટે આત્મભાવ-બ્રહ્મભાવનો અભ્યાસ અતિ જરૂરી છે.**

ભગવાન સ્વામિનારાયણ એવું કહેતા હતા કે, **'બ્રહ્મભાવે ભક્તિ કરે એ મને ગમે છે.'** શ્રીહરિએ આપણને વચ.પંચાળા-૩માં તથા બીજાં અનેક વચનામૃતોમાં સ્પષ્ટ શબ્દોમાં બ્રહ્મરૂપે ભક્તિ કરવાનું કહ્યું છે. શિક્ષાપત્રીના ૧૧૬મા શ્લોકમાં પણ સ્પષ્ટ આદેશ આપેલો છે. એ આદેશને પાળવા માટે આપણે બધા કટિબદ્ધ થઈએ.

**જો આપણે દેહભાવે હરિસ્મરણ કરીએ, તો માયાના વિઘ્નોમાં અવરાઈ જવાની શક્યતાઓ રહે છે.** ભગવાને વચ.ગ.અં.૨૦માં આપણને કહ્યું છે કે, "જો આત્મનિષ્ઠા વિના એકલી જ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ હોય તો જેમ ભગવાનમાં હેત કરે તેમ બીજા પદાર્થમાં પણ હેત થઈ જાય, માટે **આત્મનિષ્ઠા સહિત ભક્તિ કરવી એ જ વાસના ટાળ્યાનો ઉપાય છે."** દેહભાવે ભજન કરનારાને ભગવાનમાં જેમ હેત થાય, ભક્તિ થાય, રસ આવે; એમ જ્યારે પંચવિષય પ્રાપ્ત થાય, સાંસારિક સુખ કે મોટપ મળે, તો એમાં પણ એને લેવાઈ જવાય, એનું ચિત્ત ત્યાં ચોંટે. દેહભાવ એ માયાનો ભાવ છે અને માયાભાવ એ માયામાં જ વળગાડે. માયાભાવ અસત્ય છે, અવાસ્તવિક છે; એમાં રંચમાત્ર પણ વાસ્તવિકતા નથી.

આપણે જડ નથી, આપણે માયા નથી; આપણે તો ચિદ્ છીએ, માયાથી અલગ, માયાથી પર, શુદ્ધ ચૈતન્ય આત્મા છીએ. જન્મોજન્મથી દૃઢ થઈ ગયેલા માયાભાવને આત્મભાવ વડે જ ખસેડવો પડશે. હું આત્મા છું, હું બ્રહ્મ છું. આ શરીરમાં હું ભલે રહ્યો પણ હું શરીર જેવો નથી, શરીર નથી, એનાથી પર છું. શરીર મારાથી અલગ છે, હું શરીરથી અલગ છું. ભલે આપણે શરીર સાથે એક જેવા થઈ ગયેલા જણાતા હોઈએ, છતાં પણ આત્મા અને શરીર અલગ હતાં અને અલગ જ છે અને અલગ અલગ જ રહેવાનાં.

**જેને આત્મનિષ્ઠા હોય એ એવી ભાવનામાં સ્મરણ-ભજન કરતો હોય કે, 'હું આત્મા છું અને મારામાં પરમાત્મા છે. હું મારા તેજોમય સ્વરૂપમાં મહારાજની સાકાર, દિવ્ય અને અલૌકિક મૂર્તિ ધારીને રસતરબતર રહ્યો છું.'** આત્મનિષ્ઠાવાળાને ભૂંડા દેશાકાળાદિકનો યોગ થાય તો એને પણ અજ્ઞાની પેઠે જ ક્ષોભ થઈ

આવે છે, પણ આત્મનિષ્ઠા પક્વ કરેલી હોવાને કારણે એ ક્ષોભ ઝાઝી વાર ટકતો નથી. આત્મનિષ્ઠા સહિત ભક્તિ કરવી એ જ વાસના ટાળ્યાનો ઉપાય છે. દેહભાવે ભક્તિ કરવાથી વાસના ટળવાને બદલે, અહંકાર નાશ થવાને બદલે, અજ્ઞાન નાશ થવાને બદલે વધી જવાની શક્યતા રહેલી છે અને ઊલ્ટાનો માયામાં ભાવ, આસક્તિ, સંબંધ દૃઢ થઈ જાય છે.

શ્રીજીમહારાજ વચ.લો.૧૭માં પોતાની મેળે બોલ્યા જે, "જુઓને, ભગવાનની માયાનું બળ કેવું છે, જેણે કરીને વિપરીતપણું ઘણું થાય છે; કેમ જે, પ્રથમ કેવો સારો જણાતો હોય ને પછી અતિશય ભૂંડો થઈ જાય છે." એમ કહીને પછી વળી પરમહંસ પ્રત્યે બોલ્યા જે, "આજ તો પ્રશ્ન પૂછો તો વાર્તા કરીએ." ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! પ્રથમ સારો હોય ને સ્તુતિ કરતો હોય અને તેનો તે પાછો નિંદા કરવા માંડે છે; માટે સૂઝે એવો દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થાય તોપણ સારો ને સારો જ રહે પણ કોઈ રીતે વિપરીત મતિ થાય નહિ; તે શાણે કરીને થાય ?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"જેને દેહનો અનાદર હોય ને દૃઢ આત્મનિષ્ઠા હોય ને પંચવિષયમાં વૈરાગ્ય હોય અને ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય; એવાને સૂઝે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તોપણ એની મતિ અવળી થાય નહીં....."**

**જ્ઞાન આત્મનિષ્ઠાને, દૃઢ કરવી અપાર;**
**ત્યાર પછી સ્મરણ કરવું, કરવો હરિમાં પ્યાર.**

**આત્મનિષ્ઠાની દૃઢતા કર્યા પછી જેટલું સ્મરણ કરીએ એટલું આપણી પાસે કાયમ ટકી રહે, લૂંટાઈ ન જાય, નાશ ન થાય, આપણા હાથમાંથી જતું ન રહે.** આપણા ગ્રંથોમાં ભૂંડા દેશકાળાદિકનું બહુ જોર વર્ણવ્યું છે. માટે પ્લીઝ ! ક્યારેય મનમાં એવો વહેમ ન રાખવો કે, 'હું નિર્વાસનિક છું એટલે મને ભૂંડા દેશાકાળાદિક અસર કરે નહીં.' એ કરે જ ! આજે ન કરે તો કાલે કરે, બે દી પછી કરે; પણ એની અસર થયા વિના રહે જ નહિ; માટે ક્યારેય એવી બંઠાસ મારવી નહિ કે, મને કાંઈ ન થાય.

**બ્રહ્મભાવની ભૂમિકામાં ભેળું કરેલું હરિહેત-ભક્તિ સદા ટકે છે, એનો નાશ નથી થતો; જ્યારે દેહભાવે કરેલો પ્રેમભાવ-ભક્તિ ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને ભસ્મીભૂત થઈ જાય છે.** દેહભાવવાળો પોતે પોતાને સાવ કુસંગી, વાસનાવાળો, મેલો ફીલ કરે; જ્યારે બ્રહ્મભાવવાળાને એવું થાય જ નહીં. એ છે આત્મભાવે-બ્રહ્મભાવે ભજન કર્યાનો લાભ !

આ દેહ તો આપણે મફતનો માથે લીધો છે. પોતાને સાકાર માની દેહાભિમાન ધારણ કર્યું છે કે, 'હું આ દેહ છું, આ મારું નામ છે, આ મારું કુળ, કુટુંબ છે. આ મારો આકાર છે.' આમ, પોતાને સાકાર માન્યા પછી પોતાને કર્તાપણું મનાયું કે, 'હું કર્તા છું, આ મેં કર્યું, આ હું કરીશ.' આવો અહંકાર દૃઢ થઈ જવાથી આત્માની વૃત્તિઓ; કે જે ભગવદ્‌આકારે કરવાની હતી, એ મજબૂતપણે જડ-નાશવંત દેહાકારે વર્તવા લાગી. દેહાકાર પોતાનામાં ઠાંસીને ભર્યો હોવાથી જે વૃત્તિ મૂર્તિ આકારે રાખવાની હતી એ જ વૃત્તિ દેહમાં ફસાઈ ગઈ, રોકાઈ ગઈ. અને હવે એને દેહમાંથી ઉખાડીને મૂર્તિ આકારે કરવામાં મોઢે ફીણ આવી જાય છે.

વહાલા ભક્તો ! દેહમાં ફસાઈ ગયેલી વૃત્તિને કાઢવા માટે આત્મનિષ્ઠા દૃઢ કરવી પડશે. પોતાને આત્મા માનીને ભગવાનમાં હેત કરીએ, ભજન-સ્મરણ કરીએ, તો વાસનામાત્ર બળી જાય અને આત્મામાં જ ભગવાનનાં દર્શન થઈ જાય. શરીરથી નોંખા પડવાનો રોજ થોડો થોડો અભ્યાસ કરીએ તો આ થાય. આમાં બહુ ફાયદો છે.





# હીરો

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક વાવ પાસે એક સુરદાસ રહેતો. તે હંમેશાં રાડ્યું પાડે, "હું ભૂખ્યો છું મને અન્ન આપો." ત્યાં એક તેનો મિત્ર રહેતો. તે લાકડાં કાપીને શહેરમાં વેચે. તેમાંથી ખાવાનું લાવીને તે સુરદાસ પાસે જાય અને બન્ને ખાય.

એકવાર એક દાનેશ્વરી શેઠ ઘોડાગાડીમાં બેસીને નીકળ્યા. તેઓ જે વસ્તુ ખીસ્સામાંથી નીકળે તે ગરીબને આપતા. રાડ્યું સાંભળીને શેઠે પૂછ્યું, "કોણ રાડ્યું નાંખે છે ?" કોચમૅન કહે, "વાવ ઉપર એક સુરદાસ રાડ્યું નાંખે છે."

શેઠે ત્યાં જઈને પૂછ્યું, "શું તકલીફ છે ?" સુરદાસ કહે, "હું ભૂખ્યો છું, કાંઈક ખાવા આપો." શેઠે ખીસ્સામાં હાથ નાંખ્યો તો હીરો હાથમાં આવ્યો. હીરો સુરદાસને આપતાં શેઠ કહે, "એક લાખનો હીરો તને આપું છું. આખી જિંદગી ખૂટશે નહીં." સુરદાસ રાજી થઈ ગયો.

તેટલામાં લાકડા વેચવા ગયેલો તેનો મિત્ર આવીને બોલ્યો, "કેમ, આટલો આનંદમાં છો ?" સુરદાસે હીરો બતાવતાં કહ્યું, "આજે એક શેઠે મને લાખ રૂપિયાનો હીરો આપ્યો." મિત્ર કહે, "શેઠ કોઈ દિવસ હીરો ન દે. તેમણે ઝેરનો કટકો આપ્યો હશે."

સુરદાસ કહે, "મને ઝેર શા માટે આપે ?" મિત્ર કહે, "તારા જેવા આંધળા પાર પડી જાય માટે." એમ કહી તે ગોળ લાવેલો તે તેને ચખાડ્યો. તે ગોળ ગળ્યો લાગ્યો. પછી હીરો ચટાડ્યો, તો કાંઈ સ્વાદ ન આવ્યો. પછી તેનો મિત્ર કહે, "જો બે પૈસાનો ગોળ ગળ્યો લાગે છે, તો લાખ રૂપિયાનો હીરો કેટલો ગળ્યો લાગવો જોઈએ ? માટે આ તો ઝેર છે." સુરદાસ કહે, "તો હવે શું કરું ?" મિત્ર કહે, "વાવમાં નાંખી દે." આમ હીરો વાવમાં નંખાવી દીધો.

થોડા સમય બાદ તે શેઠ ફરી ત્યાંથી નીકળ્યા, ત્યારે સુરદાસને બરાડા પાડતો જોતાં પૂછ્યું, "તેં હીરાનું શું કર્યું ?" સુરદાસ કહે, "મને ઝેર આપી મારવાથી તમને શું લાભ હતો ? સારું થયું કે, મારા મિત્રએ મને જીવતો રાખ્યો. તેણે મને ગોળ ચખાડ્યો, ગોળ ગળ્યો લાગ્યો, પછી હીરો ચટાડ્યો, તેમાં કાંઈ સ્વાદ ન આવ્યો."

શેઠ કહે, "તેં હીરો ક્યાં નાખ્યો ?" સુરદાસ બોલ્યો, "આ વાવમાં." પછી તો શેઠે બાજુના ગામમાં જઈને ગામલોકોને કહ્યું, "ભલે પચીસ હજાર રૂપિયા થાય પણ, અમારે વાવ ગળાવવી છે." વાત સાંભળીને ગામલોકો તો રાજી થયા. શેઠે કહ્યું, "જે કોસ જોડશે તેને બસો રૂપિયા આપીશું." થોડા દિવસ કોસ હાંક્યા ત્યારે પાણી ઊતર્યું. પછી ગાળ કાઢવા મંડ્યા. શેઠ ગાળ ઉપર નજર રાખે, છેવટે એક તગારામાં હીરો આવ્યો એટલે શેઠે તેને ખીસ્સામાં મૂકી દીધો. કોસ બંધ કરાવ્યા. ગામલોકો રાજી થયા અને શેઠ હીરો લઈને ગયા.

વહાલા ભક્તો ! આ મનુષ્યદેહ છે તે હીરાની જગ્યાએ મળ્યો છે; પણ કુસંગીઓ સત્સંગનો અભાવ ઘાલી માયામાં સુખ મનાવી દે, મોટાપુરુષમાં જોડાવા ન દે. મનુષ્યદેહને વાવમાં નંખાવી; લખચોરાશી ને જમપુરીમાં ભટકાવે, અને ફરી ખબર નહિ ક્યારે મનુષ્યદેહ મળે. માટે સત્પુરુષને ઓળખી કુસંગ ત્યાગી સત્સંગ કરજો, નહિતર મનુષ્યદેહ એળે ગુમાવી દેશો.

# અમૃત જેવું મીઠું ભોજન...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એકવાર શ્રીજીમહારાજ સાંજ વખતે લાંઘણોજ ગામના પાદરમાંથી પસાર થયા, સાથે પાર્ષદ ડુંગરજી હતા. લાંઘણોજમાં અમૃતબાઈ ખૂબ મહિમાવાળા પ્રેમી ભક્ત હતાં. મહારાજ સામે ચાલી અમૃતબાઈને દર્શન દેવા એમના ઘેર પધાર્યા. આમ અચાનક મહારાજને આવ્યા જાણી અમૃતબાઈના આનંદનો પાર ન રહ્યો. હરખઘેલા થઈ જલ્દી જલ્દી મહારાજ માટે ઢોલિયો ઢાળવા દોડ્યાં.

ત્યારે મહારાજ કહે, “અમૃત ! અમારે અત્યારે રોકાવું નથી.” અમૃતબાઈ કહે, “ના મહારાજ ! હવે જમ્યા વિના ન જવાય, ફરી તમે ક્યારે પધારો ? માટે કૃપા કરી ઘડીક બેસો. હમણાં હું થાળ તૈયાર કરી દઉં, આપ જમીને પછી સુખેથી પધારો.” મહારાજ કહે, “અમૃત ! અમારે ઉતાવળ છે, ફરી ક્યારેક આવશું, અમે તો રાજી થઈને તને દર્શન દેવા જ આવ્યા હતા.” એમ કહી મહારાજ ચાલતા થયા. અમૃતબાઈએ ઘણી પ્રાર્થના કરી તોપણ મહારાજ ન રોકાયા.

ગામબહાર નીકળ્યા ત્યાં અંધારું થઈ ગયું. મહારાજ ડુંગરજીને કહે, “ડુંગરજી ! આપણે અમૃતબાઈના ઘેર રોકાયા હોત તો સારું થાત. હવે રાત્રે અંધારામાં ચાલવું સારું નહિ, માટે અહીં ક્યાંક રાત રોકાઈ જઈએ તો ઠીક.” એમ કહી નજીકમાં એક વાડી હતી ત્યાં ગયા. વાડીમાં એક સાથી રહેતો હતો. તેને વાત કરી કે અમારે અહીં એક રાત રોકાવું છે. સાથી મહારાજને ઓળખી ગયો કે આ તો અમૃતબાઈના ભગવાન છે. એટલે કહે, “સુખેથી રહો, તમારાં ભક્ત અમૃતબાઈની જ આ વાડી છે.”

પછી મહારાજ તે વાડીમાં આંબા નીચે રાત રહ્યા. રાત્રે સાથીએ ગામમાં અમૃતબાઈને ખબર આપ્યા કે, તમારા ભગવાન આપણી વાડીએ રાત રોકાણા છે. એટલે અમૃતબાઈના આનંદનો પાર ન રહ્યો. હરખમાં ને હરખમાં રાત્રે ઊંઘ પણ આવી નહિ ને સવારે વહેલા જાગી મહારાજ માટે સેવ બનાવી. પછી સેવ, સાકરનો ડબ્બો અને સાથે ઘી ને દૂધ; એ બધું એક ટોપલામાં લઈ, હજુ દિવસ ઊગે એ પહેલાં જ વાડીએ જવા ચાલતાં થયાં.

આ બાજુ મહારાજ પણ જાગી તૈયાર થઈને બેઠા ને ડુંગરજીને કહે, "ડુંગરજી ! કાંઈ ખાવાનું છે ? ભૂખ બહુ લાગી છે." ડુંગરજી કહે, "સાંજે અમૃતબાઈએ ઘણો આગ્રહ કર્યો હતો ને ત્યાં રોકાણા નહિ ને અહીં વગડામાં રહ્યા, તે અહીં કોણ જમવાનું લાવે ? માટે હાલો જલ્દી ચાલતા થઈએ તો બીજું ગામ આવે ને રોટલા ભેગા થઈએ."

આમ મહારાજ અને ડુંગરજી વાતો કરે છે, ત્યાં અમૃતબાઈ આવી પહોંચ્યાં ને છેટેથી બૂમ પાડી, "એ અમારા આંબા નીચે કોણ ઊતર્યું છે ?" એટલે મહારાજ કહે, "એ તો અમે છીએ." અમૃતબાઈને ખબર છે કે મહારાજ છે, છતાં પ્રેમમાં ને પ્રેમમાં મહારાજને કહે છે, "અમે વળી કોણ ?" ત્યારે ડુંગરજી કહે, "એ તો મહારાજ છે."

અમૃતબાઈ જેવા મહારાજ પાસે પહોંચ્યાં એટલે મહારાજે પૂછ્યું, "અરે અમૃત ! અત્યારે ક્યાં જાય છે ?" અમૃતબાઈ કહે, "મારા સાથીને શિરામણ દેવા જાવ છું." મહારાજ કહે, "અમૃત ! તારું શિરામણ કેવું છે જરા જોવા તો દે !" એટલે અમૃતબાઈએ ટોપલો હેઠો મેલીને તેમાંથી સેવ, ઘી, દૂધ અને સાકરનો ડબ્બો કાઢીને મહારાજ આગળ મૂક્યાં. ત્યારે મહારાજ કહે કે, "અમૃત ! તારો સાથી આવું સારું સારું ખાય છે ?" અમૃતબાઈ કહે, "મહારાજ, મારો સાથી બહુ સ્વાદીયો છે એટલે તેને સારું સારું ખાવા જોઈએ." મહારાજ કહે, "તારા સાથી તો અમે છીએ માટે લાવ્ય અમને જમાડ."



મહારાજે આમ કહ્યું એટલે અમૃતબાઈ શરમાઈ ગયાં ને બોલ્યાં, "અરે મહારાજ ! હું તો રમૂજ કરતી હતી, હું તો આપને જમાડવા માટે જ આ બધું લાવી છું. એમ કહી આસન પાથરી તે પર મહારાજને જમવા બેસાર્યા. અમૃતબાઈએ જાતે મહારાજને તાંસળીમાં સેવ પીરસી અને પછી ઘી પીરસ્યું. પછી ડબ્બામાંથી સાકરના બે દોથા ભરીને નાંખ્યા ને ઉપરથી દૂધ પીરસ્યું ને કહ્યું, "પ્રભુ ! જમો." એટલે મહારાજે તે બધું ચોળીને એક ગ્રાસ લઈ મુખમાં મૂક્યો, ત્યાં તો કાંઈક નવીન સ્વાદ આવ્યો.

મહારાજને ખબર પડી ગઈ કે સાકરને બદલે લોટ આવી ગયો છે, પણ આ તો ભાવના ભૂખ્યા ભગવાન હતા. મહારાજ તો ગ્રાસ પછી ગ્રાસ માંડ્યા જમવા. જમતાં જમતાં વખાણ કરતા જાય કે, "અરે અમૃત ! આ તો ખરેખર અમૃત જેવું મીઠું ભોજન છે, આવું તો અમે ક્યારેય જમ્યા નથી."

અમૃતબાઈએ ફરી મહારાજને સેવ પીરસી ને દોથો ભરીને લોટ નાંખ્યો ને ઘી-દૂધ પીરસ્યું.

અમૃતબાઈને ખબર નથી કે હું ભૂલમાં સાકરને બદલે લોટ લઈને આવી છું. એમનાં મનમાં તો સાકર જ છે. મહારાજ પણ આનંદથી અમૃતબાઈનો ભાવ આરોગે છે. ડુંગરજી છેટે બેઠા બેઠા ભક્ત અને ભગવાનનો આ પ્રેમ જોયા કરે છે, ને મનમાં સંકલ્પ કર્યા કરે છે કે મહારાજ થોડી પ્રસાદી મારા સારુ રાખે તો સારું.

વળી અમૃતબાઈ સેવ નાંખવા ગયાં ત્યારે મહારાજ કહે, “રાખ્ય અમૃત ! હવે અમે ધરાઈ ગયા છીએ.” ત્યારે ડુંગરજી બોલ્યા, “એ મહારાજ ! નાંખવા દ્યોને પછવાડે હું બેઠો છું ને ?”

પછી વળી સેવ પીરસી ને એક દોથો લોટ નાંખ્યો ને ઘી-દૂધ નાંખ્યું. પછી મહારાજે થોડું જમીને તાંસળી ડુંગરજી તરફ ધકેલીને કહ્યું, “લે ડુંગરજી ! આ પ્રસાદી તારા માટે.” ડુંગરજી કહે, “બહુ સારું મહારાજ લાવો.”

ડુંગરજીને ક્યારનું મોઢામાં પાણી આવતું હતું. હોંશે હોંશે જમવા બેઠા. જેવો એક ગ્રાસ મોઢામાં મૂક્યો ને બકારીયું ખાવા માંડ્યા અને બોલ્યા, “અરે મહારાજ ! આ તો જરાય ભાવતું નથી, કહો તો ભોંમાં ભંડારું.” મહારાજ કહે, “નો ખાય તો તારે માથે થપેડું, ક્યારનો બેઠો બેઠો સંકલ્પો કરતો હતો.” એમ કહી અમૃતબાઈને કહે, “ડુંગરજીને સાકર ઓછી પડે છે માટે થોડી સાકર નાંખો.” જ્યાં અમૃતબાઈ સાકરનો દોથો ભરવા જાય છે ત્યાં જ ડુંગરજી જોરથી બોલી ઊઠ્યા, “અરે અમૃતબાઈ ! આ સાકર નથી, આ તો લોટ છે લોટ.”

અમૃતબાઈ હાંફળાં ફાંફળાં થઈને બોલી ઊઠ્યાં, “હેં...” પછી જ્યાં સાકરના ડબ્બામાં જોયું ત્યાં તો લોટ દીઠો. અમૃતબાઈ એકદમ હેબતાઈને બોલ્યાં, “અરર, મહારાજ ! હું સાકરને બદલે લોટ લાવી છું. અરે ! મેં અભાગણીએ તમને લોટ ખવરાવ્યો ?” આમ પસ્તાવો કરવા લાગ્યાં. આંખમાં આંસુ આવી ગયાં ને કહેવા લાગ્યાં, “અરેરે મહારાજ ! મને માફ કરો, અંધારે ઉતાવળમાં મેં આ ભૂલ કરી, સાકરને બદલે લોટ લાવી. તમે બોલ્યા કેમ નહીં ?”

મહારાજ કહે, “અમૃત ! અમે તો તારો પ્રેમ અને ભાવ જમતા હતા, એટલે અમને એમાં સાકર કરતાં સવાયો સ્વાદ આવતો હતો.” અમૃતબાઈ કહે, “ના પ્રભુ ! એ તો મારી ભૂલ છે. હવે કૃપા કરી થોડીવાર રોકાઈ જાવ, હું હમણાં જ ફરી સારી રસોઈ બનાવીને લાવું છું.”

ત્યારે મહારાજ કહે, “અમૃત ! અમને આ ભોજનમાં જેવો સ્વાદ આવ્યો, એવો હવે બીજાં ગમે તેટલાં સારાં ભોજન બનાવીને લાવીશ, તોપણ એવો સ્વાદ નહિ આવે.” પરંતુ અમૃતબાઈ તો બહુ જ દિલગીર થઈ ગયાં, એટલે મહારાજે તેમને આશ્વાસન આપતાં કહ્યું, “અમૃત ! અમે ફરી ક્યારેક તારે ઘેર આવશું ને તને રાજી કરીશું. અત્યારે અમારે ઉતાવળ છે માટે અમે જઈએ છીએ;” એમ કહી મહારાજ ચાલતા થયા.

વહાલા ભક્તો ! ભગવાનની નજર હંમેશાં ભક્તના પ્રેમ અને ભાવ સામે હોય છે, વસ્તુ-પદાર્થ સામે નહીં. ગમે એટલી સ્વાદિષ્ટ વાનગી હોય, પણ બનાવનાર કે જમાડનારને ભાવ ન હોય, તો એ ભગવાનને જરાય ભાવતું નથી; પરંતુ સૂકો રોટલો ને ખાટી છાશ હોય, પણ એમાં ભાવ ભરેલો હોય તો ભગવાન એ પ્રેમથી જમે છે. ભગવાન તો ભાવના ભૂખ્યા છે ભોજનના નહીં.

માટે ભગવાન માટે થાળ કરવો, ભગવાનને જમાડવા; તે ખૂબ ભાવ-પ્રેમ-શ્રદ્ધા અને ભક્તિથી કરવું, તો જરૂર ભગવાન આપણો ભાવ સ્વીકારે. એવી જ રીતે ભગવાનના વહાલા સંતો-ભક્તોને જમાડવાનો જ્યારે અવસર મળે ત્યારે પણ ખૂબ પ્રેમ-ભાવથી જમાડવા, તો એમાં રહીને પણ ભગવાન જ આપણો ભાવ સ્વીકારતા હોય છે.



# મારા શ્યામ, તું જ મારું બધું

લેખક : સાધુ વર્ણિવેષદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

**પ્રેમી જનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે;**
**જાતિ વરણ ને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિ પ્યારી રે.**

ઘણાં સમય પહેલાંની વાત છે. એક ગામમાં એક ગરીબ વૃદ્ધ સ્ત્રી રહેતી હતી. તે ખૂબ જ ભક્ત હતી અને પોતાને કૃષ્ણ પર અતૂટ શ્રદ્ધા હતી. તેણે પોતાના ઝૂંપડામાં એક નાની મૂર્તિ સ્થાપિત કરી હતી અને તેને પ્રેમથી 'મારા શ્યામ' કહીને બોલાવતી. આ વૃદ્ધા પાસે કોઈ સંપત્તિ કે દુનિયાદારી નહોતી, પરંતુ તેના હૃદયમાં પ્રેમનો એક એવો અમૂલ્ય ભંડાર હતો કે ખુદ શ્યામ પણ તેની ભક્તિથી બંધાઈ ગયા.

તેઓ સવારે ઊઠતાં વેંત જ 'મારા શ્યામ' કહીને મૂર્તિને ઉઠાડે અને રાત્રે સૂતી વખતે પણ કહીને સૂવે કે, 'વાલા ! હવે તું પણ આરામ કરજે !' અને પોતાના જીવનની દરેક નાની-મોટી વાત પોતાના પ્રભુ સાથે કરતા રહે; જાણે કે, સાચે જ તેમની સામે બેઠા હોય અને તેમની બધી વાતો સાંભળી રહ્યા હોય ! આમ, દિવસ-રાત પોતાના શ્યામની ભક્તિમાં લીન રહેતી.

એક દિવસ ગામમાં ખૂબ મોટો દુષ્કાળ પડ્યો. લોકો ભૂખ્યા મરવા લાગ્યા. વૃદ્ધ સ્ત્રી પાસે પણ ખાવા માટે કંઈ નહોતું. તેણીનું મન ચિંતાતુર હતું, પણ તેને પોતાની નહિ, તેના શ્યામની ચિંતા હતી. તેણે શ્યામની મૂર્તિ સામે જોઈને કહ્યું, "મારા શ્યામ, તું તો જાણે છે કે મારી પાસે કંઈ નથી. આજે હું તને શું ખવડાવું ?

મને પેટમાં ભૂખ લાગી છે, પણ તને ભૂખ્યા જોઈને મને વધુ દુઃખ થાય છે.”

તેણીએ આસપાસ નજર ફેરવી, પણ કંઈ મળ્યું નહીં. પછી તેણે જોયું કે તેના ઝૂંપડાના છાપરા પર એક કાગડો બેઠો હતો. તેણે તરત જ શ્યામને કહ્યું, “શ્યામ ! આજે તો મારા ઘરે કાગડાભાઈ મહેમાન થઈને આવ્યા છે. તેને પણ કંઈ ખવડાવવું જોઈએ ને ? હું ગરીબ છું, પણ અતિથિનો સત્કાર કરવો એ તો આપણો ધર્મ છે.” આમ કહીને વૃદ્ધાએ પાણીનો એક ગ્લાસ ભર્યો અને કાગડા સામે ધર્યો. કાગડો આશ્ચર્યથી તેને જોતો રહ્યો. કારણ કે તેણે આ પહેલાં આવો પ્રેમ ક્યારેય જોયો નહોતો. તે સમજી ગયો કે આ વૃદ્ધાની શ્રદ્ધા કેટલી મહાન છે. કાગડાએ પાણી પીધું અને આભારવશ થઈને ઊડી ગયો.



થોડા સમય બાદ તે જ કાગડો તેની ચાંચમાં એક કિંમતી હાર લઈને પાછો આવ્યો અને વૃદ્ધાના ઝૂંપડામાં મૂકી દીધો. વૃદ્ધા તો નવાઈ પામી ગઈ. તેણે શ્યામ સામે જોઈને કહ્યું, “અરે ! આ કાગડો તો ખરેખર મહેમાન બન્યો ! પણ આ હાર તો કિંમતી લાગે છે, આ તો કોઈ શ્રીમંત વ્યક્તિનો હશે. મારા શ્યામ, તું આવું કેમ કરતો હોઈશ ? મારા માટે ચોરી કરીને લાવ્યો ?”

તેણીએ તરત જ તે હાર લીધો અને ગામના સરપંચ પાસે જઈને બધી વાત કરી. સરપંચે તપાસ કરી તો ખબર પડી કે તે હાર રાજાની રાણીનો હતો; જે નદીમાં સ્નાન કરતી વખતે ખોવાઈ ગયો હતો. રાજા તે હાર પાછો મળવાથી ખૂબ ખુશ થયા અને વૃદ્ધાને ખૂબ મોટું ઈનામ આપવા માટે કહ્યું, પણ વૃદ્ધાએ ઈનામ લેવાની ના પાડી દીધી.

તેણીએ રાજાને કહ્યું, “રાજન્ ! મારે ઈનામની જરૂર નથી. **મારો શ્યામ જ મારું બધું છે.** તે જ્યારે ઈચ્છશે ત્યારે મને બધું આપશે.” રાજાએ વૃદ્ધાની ભક્તિ અને નિષ્કામ ભાવનાથી પ્રભાવિત થઈને આખા ગામ માટે અનાજ અને પાણીની વ્યવસ્થા કરાવી, જેથી કોઈ ભૂખ્યું ન રહે.

આમ, જ્યારે પ્રેમ શુદ્ધ હોય છે ત્યારે ભગવાન પોતે જ આપણી જરૂરિયાત પૂરી કરવા માટે કોઈપણ માધ્યમનો ઉપયોગ કરતા હોય છે. અને **ભક્તિનો સાચો અર્થ એ છે કે આપણું મન, કર્મ અને વચન માત્ર એક ભગવાન અને ભગવાનના વાલાના સુખાર્થે જ હોય. અને આ ભક્તિની જ્યોતને જાળવી રાખવી; એ જ જીવનનો સૌથી મોટો પુરુષાર્થ છે.**

પ્રભુ એ નથી જોતા કે તેં મારી માટે કેટલાં મોંઘાં સોના-માણેકનાં ઘરેણાં કરાવ્યાં છે..? પણ એ ચોક્કસ જુએ છે કે સોના-માણેક કરતાં હું તને કેટલો વધારે વ્હાલો છું..? આ વાતને ગોસ્વામી તુલસીદાસજીએ બહુ સારી રીતે કહી છે...

**સબ સોનાકે નગર બનાયા, પારસમણી કા મહોલ;**
**તુલસી હરિ કી ભક્તિ બિન, જમડા કરે ઘમરોલ...!**

વહાલા ભક્તો ! મારા જીવનમાં પણ વહાલા મહારાજ અને સંતો-ભક્તો માટેની આવી ભક્તિ આવે એવી કૃપા કરશો.



# કૃતઘ્નીથી સાવધાન..!

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો ! શ્રીજીમહારાજે વચનામૃત ગ.પ્ર.૧૦માં સેવકરામની વાત કરીને કહ્યું છે કે, "જે કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો અને કૃતઘ્નીનો સંગ કરવો નહીં." આપણા ઉપર કરુણા કરીને જેણે ઉપકાર કર્યા હોય તેને ભૂલી જઈએ ને તેનો દ્રોહ કરવા માંડીએ તો કૃતઘ્ની કહેવાઈએ. કૃતઘ્નીના સંગની જ ના પાડી છે, તો આપણે કૃતઘ્ની કેમ બનાય ? આ વાત આપણે એક કૃતઘ્નીના દૃષ્ટાંત દ્વારા સમજીએ.

એકવાર એક બ્રાહ્મણ જંગલમાં જતો હતો. ત્યાં તેને તરસ લાગી એટલે રસ્તામાં એક કૂવો જોયો. કૂવાની નજીક જઈને તેમાં જોયું, ત્યાં તો કૂવો ખાલી હતો ને તેમાં એક સિંહ, વાંદરો, સાપ અને માણસ પડેલા જોયા. બ્રાહ્મણ આ જોઈને આશ્ચર્ય પામ્યો. કૂવામાં રહેલા સિંહે પ્રાર્થના કરી, "હે ભૂદેવ ! મને કૂવામાંથી કાઢો તો હું તમારો ઉપકાર કદી નહિ ભૂલું અને તમોને મદદ કરીશ."



બ્રાહ્મણને દયા આવી ને ઘણો પરિશ્રમ કરીને સિંહને બહાર કાઢ્યો. સિંહે ભૂદેવનો આભાર માની પોતાના રહેઠાણની જગ્યા બતાવીને કહ્યું, "આવતાં-જતાં અમારે ત્યાં જરૂર આવજો, તમે કરેલા ઉપકારને ક્યારેય નહિ ભૂલું ને આપને મદદ કરીશ. અને એક આપને સારી સલાહ આપું છું, કૂવામાં રહેલા સાપ અને વાંદરાને બહાર કાઢવા હોય તો કાઢજો, પરંતુ પેલા માણસને કાઢશો નહિ; કેમ જે, એ કૃતઘ્ની છે." એમ કહીને સિંહ જંગલમાં ગયો.

પછી વાંદરાએ વિનંતી કરી એટલે ભૂદેવે તેને પણ કાઢ્યો, વાંદરાએ પણ ભૂદેવનો આભાર માન્યો ને જે જગ્યાએ પોતે રહેતો હતો તે જગ્યા બતાવી અને આવતાં-જતાં આવવાનું કહ્યું. તેણે પણ સિંહની જેમ સલાહ આપી કે, "સાપને બહાર કાઢવો હોય તો કાઢજો, પરંતુ પેલા કૃતઘ્ની માણસને કાઢશો નહીં." એમ કહી વાંદરો પોતાના સ્થાને ગયો.

ત્યારપછી ભૂદેવે કૂવામાં જોયું. તો સાપે પણ આજીજી કરી એટલે તેને પણ બહાર કાઢ્યો. તેણે ભૂદેવનો આભાર માન્યો

અને કહ્યું, "હું આ બાજુ રાફડામાં રહું છું. આપને મારી જ્યારે જરૂર પડે ત્યારે આ એક મંત્ર હું તમને આપું છું. તે મંત્ર બોલશો ત્યારે હું હાજર થઈશ ને આપને મદદ કરી ઋણ અદા કરીશ." તેણે પણ સલાહ આપી કે, "પેલા કૃતઘ્ની માણસને કાઢશો નહિ, નહિતર તમે કરેલ ઉપકારનો બદલો તે અપકારથી વાળશે હો !" એમ કહી તે પોતાના રાફડામાં ગયો.

પછી ભૂદેવે કૂવામાં જોયું. ત્યારે પેલો મનુષ્ય કહે, "અરે ભૂદેવ ! તમે તો સાવ ભોળા છો હો ! આ ત્રણેય તો જાનવરો કહેવાય, તે તમોને શું મદદ કરી શકવાના છે ? તે તો તમોને છેતરીને જતાં રહ્યાં. પરંતુ હું અને તમે તો મનુષ્ય છીએ; એક મનુષ્ય બીજા મનુષ્યની મદદ કરે એવી કાંઈ જનાવર ન કરે ! માટે મને બહાર કાઢો તો હું તમારું કોઈક દિવસે કામ કરીશ." આવાં વચન સાંભળી ભૂદેવ ભોળવાઈ ગયા. તેથી તેને બહાર કાઢ્યો એટલે તે માણસે પણ પોતાનું નામ તથા ગામનું નામ આપ્યું. પછી તે પણ પોતાના ગામ જતો રહ્યો.

ભૂદેવ આગળ તીર્થાટન કરીને પાછા ફરતાં રસ્તામાં ભૂખ લાગી એટલે વાંદરા પાસે ગયા. વાંદરાએ ખુશ થઈ આવકાર આપ્યો અને સુંદર રસદાર ફળો લાવી આપ્યાં ને ભૂદેવને જમાડી ખૂબ આભાર માન્યો. ત્યારપછી ભૂદેવ જંગલમાં જ્યાં સિંહ રહેતો હતો તેની પાસે આવ્યા. તે સમયે સિંહે રાજાના કુંવરને મારીને તેનો હાર રાખી મૂક્યો હતો. તે હાર ભૂદેવને આપ્યો અને ભૂદેવે કરેલી મદદને યાદ કરી ખૂબ આભાર માન્યો.

પછી ભૂદેવ તે હાર લઈ પેલા માણસના ઘરે ગયા અને હાર વેચવાની વાત કરી. પેલા કૃતઘ્ની માણસે હાર જોયો. તુરંત તે હારને ઓળખી ગયો કે, આ હાર તો રાજાના કુંવરનો છે. તેથી ઈનામની લાલચે ભૂદેવને કહ્યું, 'તમે અહીં બેસો, હું હમણાં આવું છું.' એમ કહીને રાજા પાસે જઈને વાત કરી, "કુંવરને મારનારો ચોર મારે ઘેર આવ્યો છે અને કુંવરનો હાર પણ તેની પાસે જ છે." તુરંત રાજાએ હુકમ કર્યો એટલે બ્રાહ્મણને બાંધીને રાજા આગળ લાવ્યા. હાર ઓળખીને તુરંત કંઈ પણ પૂછ્યા વિના ફાંસીની સજા ફટકારી.

ભૂદેવ તો ગભરાઈ ગયા, ત્યાં સાપે આપેલ વચન યાદ આવ્યું. તુરંત મંત્ર બોલીને યાદ કર્યો તેથી સાપ આવ્યો. બ્રાહ્મણે પોતાને બચાવવા માટે વાત કરી ત્યારે સાપે કહ્યું, "મેં તમોને ના કહી હતી છતાં તમોએ એ કૃતઘ્ની માણસને બહાર કાઢ્યો તેનું આ પરિણામ છે, પરંતુ હવે હું તમને જરૂર મદદ કરીશ. મારી વાત સાભળો હું અત્યારે રાણીવાસમાં જઈને રાણીને કરડું છું. પછી તમારે રાજાના માણસોને કહેવાનું કે, મને સાપનું ઝેર ઉતારતા આવડે છે. એટલે તેઓ રાજાને વાત કરશે એટલે રાજા તમોને રાણી પાસે લઈ જશે. પછી તમે મને બોલાવજો એટલે હું આવીને ઝેર ચૂસી લઈશ." એમ કહીને સાપે રાણી પાસે જઈને ડંસ માર્યો, તુરંત રાણી બેભાન થઈ ગઈ. અનેક ઉતારનારને લાવ્યા, પરંતુ ઝેર ઊતર્યું નહીં. તે સમયે જેલમાંથી ભૂદેવે રાજાના માણસો દ્વારા કહેવડાવ્યું કે, "મને ઝેર ઉતારતા આવડે છે."

રાજાએ આ વાત જાણી, તેથી ભૂદેવને તુરંત રાણી પાસે લઈ ગયા. બ્રાહ્મણે સાપને બોલાવ્યો. તેથી સાપે આવીને ઝેર ચૂસી લીધું એટલે રાણીને સારું થઈ ગયું. રાજા અને રાણી બંને ખુશ થઈ ગયાં. પછી રાણીના કહેવાથી રાજાએ ભૂદેવને છોડી મૂક્યા અને હાર ક્યાંથી મળ્યો ? તે બાબત પૂછી. પેલાએ કહ્યું, "હું સિંહ પાસે ગયો હતો. તેણે મને હાર આપ્યો." તપાસ કરતાં વાત સત્ય જણાઈ.

પછી રાજાએ પૂછ્યું, "તમોને પકડાવનાર માણસ સાથે તમારે કેવી રીતે ઓળખાણ થઈ ? ભૂદેવે પૂર્વે બનેલી સર્વે બીના કહી સંભળાવી. એટલે રાજાને પેલો માણસ કૃતઘ્ની છે એમ જણાયું. તેથી ઈનામ લઈને ઘેર ગયેલા પેલા કૃતઘ્ની માણસને પકડીને જેલમાં પૂરી દીધો.

જોયુંને ભક્તો ! ભૂદેવે જે માણસને મદદ કરી તે જ કૃતઘ્ની માણસ ભૂદેવને ફાંસીએ ચઢાવવા તૈયાર થયો ! ઉપકારનો બદલો અપકારથી આપે તેને કૃતઘ્ની કહેવાય. માટે આપણે ભગવાન અને સંતો-ભક્તોએ આપણા ઉપર કરેલા ઉપકારો યાદ કરી સદા ઋણીભાવે રહેવું પણ કૃતઘ્ની થવું નહીં.



# એક ક્ષણ

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

**સંગત સારી હોય તો પથ્થર પણ તરી જાય છે,**
**ને ખરાબ હોય તો સોનાની નાવ પણ ડૂબી જાય છે.**

આપણા જીવનની દિશા નક્કી કરવામાં બે પરિબળો મુખ્ય ભાગ ભજવે છે : આપણા નિર્ણયો અને આપણી સોબત. ઘણી વાર આપણી સોબત જ આપણા નિર્ણયો પર હાવી થઈ જાય છે. સારો મિત્ર કે સારી સોબત આપણને ઊંચાઈઓ પર પહોંચાડી શકે છે, તો એક ખરાબ સોબત ક્ષણવારમાં આપણને પતનના માર્ગે પણ ધકેલી શકે છે. આ શાશ્વત સત્યને આપણી ધાર્મિક અને સાંસ્કૃતિક કથાઓમાં વારંવાર વણી લેવામાં આવ્યું છે.

આવી જ એક હૃદયસ્પર્શી અને બોધદાયક કથા "પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા" નામના ગ્રંથમાં આવે છે. તેમાં ભગવાન સ્વામિનારાયણ સંગશુદ્ધિનું મહત્ત્વ સમજાવવા એક અત્યંત સુંદર દષ્ટાંત આપે છે. આ વાર્તા માત્ર એક પ્રાણીની નથી, પરંતુ તે દરેક મનુષ્યને પોતાના જીવનમાં વિવેક રાખવા અને કુસંગથી બચવા માટેની ચેતવણી છે. તો ચાલો, આપણે એ 'લાખેણા ઘોડા'ની કથામાં ઊંડા ઊતરીએ અને તેમાંથી જીવનભરનો બોધપાઠ મેળવીએ.

એક બાપુ પાસે "લાખેણો" નામનો અત્યંત જાતવંત અને સમજદાર ઘોડો હતો. તે એટલો વફાદાર અને તાલીમ પામેલો હતો કે માલિકનો માત્ર ખોંખારો સાંભળીને તેમની પાસે હાજર થઈ જતો. એક દિવસ મુસાફરી દરમિયાન માલિકે એક સરોવર કિનારે આરામ કરવા માટે રોકાણ કર્યું અને લાખેણાને લીલું ઘાસ ચરવા માટે છૂટો મૂક્યો. ચરતી વખતે લાખેણો થોડે દૂર ગયો, જ્યાં તેની મુલાકાત એક ગધેડા સાથે થઈ.

ઘોડાની જાતવંતી ચાલ અને સુંદરતા જોઈ ગધેડાએ વાત શરૂ કરી. તેણે લલચાવનારા અવાજે કહ્યું, "ભાઈ, તું અહીં જ રોકાઈ જા. અહીં બારેમાસ કૂંપળીઓ ફૂટે છે અને મીઠું પાણી પીવા મળે છે. આપણે બંને સાથે મળીને મોજ માણીશું, એકથી ભલા

બે !" લાખેણાએ સ્વાભિમાનથી જવાબ વાળ્યો, "ના ભાઈ, મારું નામ 'લાખેણો' છે, હું મારા નામને લજવું નહીં. હું મારા ધણીના ઈશારે ચાલનારો છું, મારું મનધાર્યું ક્યારેય કરું નહીં. મારી વૃત્તિ હંમેશાં મારા માલિક પાસે જ હોય છે." આ સાંભળી ગધેડો ખિજાઈને બોલ્યો, "અરે મૂરખ ! હવે તો સ્વતંત્રતાનો જમાનો છે. આપણા ઉપર વળી ધણી કેવો ? જો, મેં તો મારા માલિકની બીક ક્યારનીય તજી દીધી છે. હું તને મારી કળા બતાવું."

પછી તેણે પોતાની વાત માંડી : "મારો માલિક મારી પાસે અણતોળ્યો બોજ ઊપડાવતો અને રોજ ધોકાવતો. એક દિવસ મેં ઘાસ જોઈને જાણી જોઈને પછાડ ખાધી અને ખૂબ માર સહન કર્યો, પણ ઊભો જ ન થયો. છેવટે મારો માલિક કંટાળીને મને છોડીને જતો રહ્યો. હવે હું અહીં રાજ કરું છું. તું પણ એમ જ કરજે. માલિક બે-ચાર ચાબખા મારે તોપણ અહીંથી જવાનું નામ ન લેતો."

**કદલી, સીપ, ભુજંગ-મુખ, સ્વાતિ એક ગુન તીન;**
**જૈસી સંગતિ બૈઠિએ, તૈસોઈ ફલ દીન.**

અર્થ : સ્વાતિ નક્ષત્રનું વરસાદી ટીપું એક જ હોય છે, પણ તે કેળાના પાન પર પડતાં કપૂર, છીપમાં પડતાં મોતી અને સાપના મુખમાં પડતાં ઝેર બની જાય છે. જેવી સોબત હોય છે, તેવું જ ફળ મળે છે.

ગધેડાના શબ્દો ઝેર બનીને લાખેણાની રગોમાં વ્યાપી ગયા. તેની અત્યાર સુધીની સ્વામીભક્તિ અને વિવેકબુદ્ધિ પર લાલચની ભાવના હાવી થઈ ગઈ. તેનું મન માલિકમાંથી ભાંગી ગયું.

થોડીવાર પછી જ્યારે બાપુએ લાખેણાને બોલાવ્યો, ત્યારે તેણે સામે જોયું પણ નહીં. બાપુને આશ્ચર્ય થયું કે આને આમ અચાનક શું થઈ ગયું ! તેઓ જાતે જઈને જ્યારે તેના પર ચોકડું ચડાવવા ગયા, ત્યારે લાખેણો જાણી જોઈને ત્યાં જ જમીન પર પડી ગયો.

પોતાના સંતાન જેવા, પોતાના ઈશારે ચાલનારા 'લાખેણા'નું આવું રૂપ જોઈને બાપુનું હૃદય ઘવાયું. તેમનો વિશ્વાસ તૂટી ગયો અને એ જ અસહ્ય દુઃખ ક્રોધ બનીને તેમની આંખોમાં ઊતર્યું. તેમણે ક્રોધમાં આવીને મ્યાનમાંથી તલવાર કાઢી અને એક જ ઝાટકે લાખેણાનું માથું ધડથી અલગ કરી નાખ્યું.

શું એક પળના કુસંગની સજા મૃત્યુ હોઈ શકે ? આમાં વાંક કોનો ગણાય ? ગધેડાના ઝેરી શબ્દોનો, ઘોડાની ક્ષણિક લાલચનો કે માલિકના અત્યંત ક્રોધનો ?

**પારખીને કરજો પસંદગી મિત્રોની, કેમ કે**
**દિલમાં વસતા સૌ કોઈ દિલદાર નથી હોતા,**
**કુસંગની અસર એવી થાય છે કે, સારા**
**ઈરાદાઓ પણ કાયમ વફાદાર નથી હોતા.**

'લાખેણા'ની કથા અહીં પૂરી થાય છે, પણ તે આપણા માટે એક સળગતો પ્રશ્ન છોડી જાય છે. શું આપણે આપણા જીવનમાં રહેલા 'ગધેડાઓ'ને ઓળખી શકીએ છીએ ? આજના આધુનિક યુગમાં કુસંગ માત્ર ખરાબ મિત્રો પૂરતો જ સીમિત નથી. સોશિયલ મીડિયા પરની નકારાત્મકતા, ખોટી વિચારધારાઓ, વ્યસનો તરફ દોરી જતી લાલચો – આ બધા આજના 'ગધેડા' છે, જે આપણી બુદ્ધિને ભ્રષ્ટ કરી શકે છે.

આ વાર્તાનો સાર એ છે કે ક્ષણિક સુખ અને સ્વતંત્રતાના ભ્રમમાં આવીને પોતાના મૂળ સિદ્ધાંતો અને વફાદારીને ક્યારેય ન ત્યજવાં જોઈએ. 'લાખેણા' જેવો શ્રેષ્ઠ ઘોડો પણ જો વિવેક ચૂકી જાય તો તેનું પરિણામ મૃત્યુ આવે છે. આથી આપણે સૌએ આપણી સોબતની પસંદગી ખૂબ જ સાવધાનીપૂર્વક કરવી જોઈએ અને કોઈના ખોટા વિચારોથી પ્રભાવિત થતાં પહેલાં સો વાર વિચારવું જોઈએ. **સાચી શક્તિ બંધન તોડવામાં નથી, પરંતુ વિવેક જાળવીને સાચા-ખોટાનો ભેદ પારખવામાં છે.**

# ભગવાનનો સાચો રાજીપો શું ?

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક વખત મહારાજ માંગરોળમાં વિરાજમાન હતા. મહારાજે પોતાના વિશ્વાસુ અને પ્રિય ભક્ત આણંદજી સુથારને કહ્યું, "આણંદજી ! તારી ઘરવાળીનો ત્યાગ કર કાં અમારો ત્યાગ કર !" ત્યારે આણંદજીભાઈએ સ્મિત કરતાં કહ્યું, "મહારાજ ! ઘરવાળીનો ત્યાગ કરું તો રોટલા કોણ કરી દે ? અને તમારો ત્યાગ કરું તો કલ્યાણ ન થાય !" મહારાજને પોતાના આ નિષ્ઠાવાન પ્રિય ભક્તનું આને આ જ જન્મે કલ્યાણ કરવું હતું, એટલે એવું પગલું લીધું. મહારાજે સૌ હરિભક્તોને કહ્યું જે, "આણંદજી જ્યારે આવે ત્યારે, સૌ તેને 'હાડ કૂતરી..હાડ કૂતરી..!' એમ કહેજો."

પછી મહારાજ ત્યાંથી બીજે ગામ પધાર્યા. પછી તો આણંદજીભાઈ જ્યારે મંદિરમાં જાય ત્યારે સૌ ભક્તો તેમને 'હાડ કૂતરી...હાડ કૂતરી...' કરે. પરંતુ મુમુક્ષુ આણંદજીભાઈ તો મંદિરની ખડકીએ ઊભા રહીને આરતી-ધૂન કરે અને સૌ ભક્તોના જોડા પોતાનાં લૂગડાં વતે સાફ કરે. એમ કરતાં કરતાં છ મહિના થયા. પછી મહારાજ ફરીવાર ત્યાં પધાર્યા. તે વખતે આણંદજીભાઈ મહારાજને દર્શને આવ્યા. ત્યારે સૌ ભક્તો 'હાડ કૂતરી...હાડ કૂતરી...' કરવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, "આ શું છે ? આમ કોને કરો છો ?" ભક્તો કહે, "મહારાજ ! આણંદજીભાઈને." પછી મહારાજ કહે કે, "આણંદજી ! તારે કૂતરાનો જન્મ આવે તેમ હતો, તે હવે ટળ્યો."

વહાલા ભક્તો, પ્રથમ આપણને એવું લાગે કે શ્રીજીમહારાજ આણંદજીભાઈ પર કુરાજી થયા; વાસ્તવમાં તેમના પર દિલથી રાજી હતા, તો આવું કલ્યાણ કર્યું. આપણે પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ, તેમની ઉપાસના કરીએ છીએ અને તેમની આજ્ઞા પાળીએ છીએ. તેથી તેઓ રાજી થઈને આપણી સદાય સર્વ સંકટ, દુઃખ વગેરેમાં સહાય કરે છે, રક્ષણ-પોષણ કરે છે અને આપણે જે ઈચ્છીએ તે આપણા ભજનના બદલામાં આપે છે; પરંતુ ભગવાન ખરેખર જેની ઉપર દિલથી રાજી હોય તેની પર કેવો અનુગ્રહ કરે છે, તેની શ્રીમદ્‌ભાગવતમાં એક અગમ્ય વાત છે.

શ્રીમદ્‌ભાગવતમાં રાજા યુધિષ્ઠિર પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે,

**यस्याहमनुगृह्णामि हरिष्ये तद्धनं शनैः।**
**ततोऽधनं त्यजन्त्यस्य स्वजना दुःखदुखितम्।।**
**स यदा वितथोद्योगो निर्विण्णः स्यादनीहया।**
**मत्परैः कृतमैत्रस्य करिष्ये मदनुग्रहम्।।**
**(भाग.द.उ. ८८/८-९)**

"જેની પર હું અનુગ્રહ કરું છું, તેનું હું ધન હરી લઉં છું, અર્થાત્ તેની આજીવિકા છોડાવી દઉં છું. પછી તેના સ્વાર્થી સંબંધીઓ પણ ધન વિનાના અને તેથી દુઃખોથી ઘેરાયેલા તેનો ત્યાગ કરી દે છે. પછી 'મારા માટે આ લોકનું વૈષયિક સુખ સર્વ પ્રકારે દુર્લભ છે' એમ નિરાશ થવાથી, તેને સંસારમાં વૈરાગ્ય થાય છે. પછી તેને મારા પરાયણ સંતો-ભક્તો સાથે મિત્રતા થાય છે. પછી તે દ્વારા તેને સદા સુખદાયી મારા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે."

આપણા વહાલા ગુરુજી પણ કહે છે કે,

**એક દિવસ મેં વિચાર્યું કે, રાજીપો તે વળી શું હશે ?**
**વઢી ટોકીને જે કહે, તે મારા ઉપર રાજી હશે.**

વઢી-ટોકીને આપણા દોષ, સ્વભાવ વગેરે ટળાવે છે; આપણું ગમતું પરંતુ આપણું કલ્યાણ બગાડનારું હોય તેને મુકાવીને, આપણું કલ્યાણ કરનારું કરાવે છે; ખરેખર તે જ આપણા પર શ્રીહરિ અને સંતો-ભક્તોનો સાચો રાજીપો છે.

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીગોરધનભાઈ કરશનભાઈ ચાવડા-વડોદરા



વડોદરામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીગોરધનભાઈ કરશનભાઈ ચાવડા તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ ૯૯ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં થતાં અક્ષરવાસી થયા છે. તેઓ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં સમર્પિત થઈને સેવા કરતા અશોકભાઈ ચાવડાના પિતાશ્રી હતા. વહાલા મહારાજ તેમને ધામમાં પોતાની મૂર્તિનું સુખ આપે એ જ પ્રાર્થના....

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીમુકેશભાઈ તળશીભાઈ વઘાસિયા-સુરત



મૂળગામ હરિપર અને હાલ સુરતમાં રહેતા પ.ભ.શ્રીમુકેશભાઈ તળશીભાઈ વઘાસિયા તા.૨૫/૦૮/૨૦૨૫ના રોજ ૪૯ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. તેઓ સોસાયટીમાં ધૂન-કીર્તનનો કાર્યક્રમ હતો; તેમાં જ્યારે તેઓ ધૂન-કીર્તન ગવડાવતા હતા ત્યારે ચાલુ ધૂન-કીર્તનમાં જ તેમને બ્રેઈન સ્ટ્રોક આવતાં ધામમાં ગયા હતા. તેઓ કુંડળધામથી થતી સવારની કથા તથા રવિસભાનો નિયમિત લાભ લેતા હતા. આવા મુકેશભાઈના આત્માને વહાલા મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું દિવ્ય સુખ અખંડ આપે તથા પરિવારજનોને તેમના વિયોગનું દુઃખ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના....

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીગોવિંદભાઈ પૂનમભાઈ પરમાર-શિંગાળી



મૂળગામ શિંગાળીમાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીગોવિંદભાઈ પૂનમભાઈ પરમાર તા.૧૫/૦૮/૨૦૨૫ના રોજ ૬૦ વર્ષની ઉંમરે શ્રીજીમહારાજનું સ્મરણ કરતાં થતાં અક્ષરવાસી થયા છે. તેઓ સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠાવાળા સત્સંગી હતા. ગોવિંદભાઈ પોતાના ગામમાં શક્કરિયાની ખેતી કરતા અને દર વર્ષે ગામના જે કોઈ ગુણભાવી હોય તેને પ્રેરણા કરી શક્કરિયાનું આઈસર(વાહન) ભરીને સંપ્રદાયના મોટા મોટા ધામોમાં સ્વખર્ચે ભેટ દેવા જતા. કુંડળધામમાં પણ દર વર્ષે શક્કરિયા આપવા માટે આવતા અને એક દિવસ રહી સત્સંગ-ભજનનો લાભ લેતા. ગોવિંદભાઈના આત્માને શ્રીહરિજી મહારાજ ધામમાં અખંડ પોતાની મૂર્તિનું દિવ્ય સુખ આપે તથા પરિવારજનોને તેમના વિયોગનું દુઃખ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીગોવિંદભાઈ હીરાભાઈ પટેલ-વાસણા



મૂળગામ વાસણામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીગોવિંદભાઈ હીરાભાઈ પટેલ તા.૨૪/૦૮/૨૦૨૫ના રોજ ૭૫ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં થકાં અક્ષરવાસી થયા છે. તેઓ આપણા આત્મીયસભ્ય મુકેશભાઈ પટેલના પિતાશ્રી હતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે. ગોવિંદભાઈ સવારની મંગળા આરતી તથા સંધ્યા આરતી મંદિરે જઈને કરતા તથા રોજની ૧૫૦ માળા કરતા. આવા ગોવિંદભાઈના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું અખંડ દિવ્ય સુખ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીમોહનભાઈ પ્રેમજીભાઈ મિયાણી-પ્રહલાદગઢ



મૂળગામ પ્રહલાદગઢમાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીમોહનભાઈ પ્રેમજીભાઈ મિયાણી તા.૦૭/૦૮/૨૦૨૫ના રોજ ૬૮ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં થતાં અક્ષરવાસી થયા છે. તેઓ પોપટભાઈ મિયાણી (પ્રહલાદગઢ)ના મોટાભાઈ હતા અને વળી સત્સંગી હતા. મોહનભાઈના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું સુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના...

## ● સંતોનું સત્સંગ વિચરણ

જેમ ચંદ્રમાથી તમામ ઔષધિઓનું પોષણ થાય છે, તેમ સંતોના વિચરણથી સત્સંગબાગનું પોષણ થાય છે. તેથી જ વહાલા મહારાજે નંદસંતોને ગામડે ગામડે મોકલી હરિભક્તોના સત્સંગનું પોષણ કરાવ્યું છે. વહાલા મહારાજની આ પ્રસાદીરૂપ પુનિત પરંપરા અનુસાર પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ શ્રાવણ મહિનામાં બધા ભક્તોને વિશેષ સત્સંગનો લાભ મળે એવા શુભ હેતુથી આપણા સંતમંડળનાં કુલ ૬ મંડળોને તા.૧૨/૦૭/૨૫ થી તા.૨૫/૦૮/૨૦૨૫ દરમિયાન કુલ ૪૫ દિવસ સુધી સત્સંગ વિચરણ માટે મોકલ્યાં હતાં. પૂ.સંતોએ મહારાજને રાજી કરવા નિઃસ્વાર્થભાવે પોતાના દુઃખોને જોયા વિના, હરિભક્તોને તથા તેમના કુટુંબીજનોને પ્રેમ, બળ, હૂંફ આપવા, વહાલા મહારાજના ચરિત્રોનું રસપાન કરાવવા અને સહેજે જીવ ભગવાનમાં જોડાય અને તેમનું રૂડું થાય; એવા આશયથી વિચરણ કરી અનેક જીવોના કલ્યાણનો માર્ગ મોકળો કર્યો હતો.

વળી, સૌ ભક્તોમાં શ્રીહરિ સ્થાપિત એકાંતિક ધર્મની પુષ્ટિ થાય, આજ્ઞા-ઉપાસનાની દૃઢતા થાય, મહિમા-નિષ્ઠા વધુ દૃઢ થાય, પરસ્પર સંપ-આત્મીયતામાં વધારો થાય; એવા હેતુથી પૂ.સંતોએ ગામડે ગામડે, શહેરે શહેરે સત્સંગ સભા, કથા-વાર્તા, થાળ, પધરામણી, પર્સનલ ગોષ્ઠી, વન-ડે પિકનીક, પાવનકારી પદયાત્રાઓ જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા સૌ ભક્તોને રાજી કર્યા હતા. આ રીતે પૂ.સંતોનું સત્સંગ વિચરણ ભાવિક ભક્તો માટે ખૂબ જ ઉત્સાહ-ઉમંગ વધારનારું, આનંદવર્ધક તથા દિવ્યતાસભર બની રહ્યું હતું.

## ● જળઝીલણી ઉત્સવ એવં આત્મીય સભા-૧૨૪ – કુંડળધામ

શ્રીશિક્ષાપત્રી લેખન એવં આચાર્યપદ સ્થાપન દ્વિશતાબ્દી મહોત્સવ-વડતાલધામના ઉપક્રમે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી તા.૦૩/૦૯/૨૦૨૫ ભાદરવા સુદ-૧૧ જળઝીલણી એકાદશીના પાવન પર્વે શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં પવિત્ર ઉતાવળી ગંગાના આરે **‘જલઝીલણી ઉત્સવ એવં આત્મીય સભા-૧૨૪’**નું અનેરું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સવારની કથામાં પૂ.ગુરુજીએ **‘શિક્ષાપત્રીભાષ્ય’**ની કથાનો લાભ આપ્યો હતો. ત્યારબાદ પૂ.ગુરુજીની પ્રેરણાથી પાવનકારી પદયાત્રા માટે વહાલા મહારાજને પદયાત્રામાં સાથે લઈ જવા માટે સુંદર શણગારેલા ૩૬ રથ તૈયાર કરવામાં આવ્યા હતા. અને એ રથને ગામડે-ગામડે, શહેરે-શહેરે વિતરણ કરવા માટેનું અનેરું આયોજન થયું હતું. જેમાં શ્રીજીવાડીમાં પૂ.ગુરુજીએ તમામ રથમાં વિરાજિત કરાયેલા રાજાધિરાજ મહારાજનું પુષ્પપાંખડીથી પૂજન કર્યું હતું. અને પછી તમામ પૂ.સંતોના કરકમળો દ્વારા આરતી ઉતારવામાં આવી. પછી પૂ.ગુરુજી, પૂ.સંતો તથા તમામ હરિભક્તો બેન્ડ વાજા સાથે નાચતા-કૂદતા પદયાત્રાના રૂપમાં જોડાઈ ગયા. પછી પૂ.સંતોએ સેવાચોકમાં આવી તમામ રથને રાસના રૂપમાં ગોઠવી એક અનોખા રથરાસના દર્શનનો અલભ્ય લાભ આપ્યો.

વળી, આત્મીય સભા-૧૨૪ના પ્રારંભમાં પ્રથમ પૂ.સ્નેહાળુ સ્વામીએ ‘આપણે ભગવાનને આપણા માનીએ છીએ, છતાં ભગવાન આપણને ખોટા માર્ગે કેમ જવા દે છે ?’ આ વિશે સુંદર વાતો કરી હતી. પછી પૂ.દયાળુ સ્વામીએ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. જેમાં ‘આપણી આધ્યાત્મિકમાર્ગમાં પ્રગતિ કેમ થતી નથી ? તેમજ દુઃખથી બચવા’ વિશે ખૂબ સુંદર વાતો કરી હતી. ત્યારબાદ પૂ.ગુરુજીએ સભામાં પધારી ધૂન-કીર્તન અને કથા-વાર્તાના માધ્યમે સૌને ભગવાનની મૂર્તિમાં જોડી અલૌકિક લાભ આપ્યો હતો. જેમાં ધામભાવે અખંડ સ્મરણ વર્ષમાં સદ્.શ્રીમાધવદાસજી સ્વામી રચિત ‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ, એહી ગુણ ગાના’ કીર્તનના માધ્યમે શ્રીહરિના નામના મહિમાની સદૃષ્ટાંત વાતો કરી સૌને ભગવાનમાં જોડ્યા હતા.

ત્યારબાદ બપોરે રાજાધિરાજ ભગવાન શ્રીસ્વામિનારાયણને પાલખીમાં પધરાવી અભિષેક તથા નૌકાવિહાર કરાવવા માટે સૌ સંતો-ભક્તો કુંડલાધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાનના મંદિરના ચોકમાંથી વાજતે-ગાજતે ઉતાવળી ગંગાના આરે આવ્યા હતા. પૂ.ગુરુજીએ વહાલા મહારાજને અને સેવ્ય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજને સુશોભિત નૌકામાં પધરાવી રંગબેરંગી દૂધ, દહીં, મધ, સાકર, કેસરિયું જળ તેમજ પુષ્પપાંખડીથી અભિષેકની સાથેસાથે જળવિહાર કરાવ્યો હતો. વળી, આ અભિસિક્ત મૂર્તિની પૂ.ગુરુજી અને સંતો-ભક્તો દ્વારા થયેલ પાંચ-પાંચ દિવ્ય આરતીનાં અલૌકિક દર્શનનો લાભ લઈ તેમજ કેળાં, કાકડી, સફરજન અને અભિસિક્ત દિવ્ય જ્યુસનો પ્રસાદ લઈ ઉતાવળી ગંગામાં સ્નાન કરી સૌ સંતો-ભક્તો ધન્ય બન્યા હતા.

આજના આ પરમ પાવન દિવસે આત્મીય સભામાં તમામ ભાઈઓ-બહેનોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. વળી, આ સમગ્ર કાર્યક્રમનો પ્રત્યક્ષ તેમજ zoom અને નેટના માધ્યમે હજારો હરિભક્ત ભાઈઓ-બહેનો લાભ લઈ ધન્ય બન્યાં હતાં.

# વહાલા મહારાજના પદયાત્રા રથનું વિમોચન

INDEX









## આત્મીય સભા-૧૨૪ – કુંડળધામ

WATCH VIDEO





વડતાલધામ
પધારો...
શ્રી શિક્ષાપત્રી લેખન
તથા
આચાર્યપદ સ્થાપન
દ્વિશતાબ્દી મહોત્સવ
૩૦ ઓક્ટોબર થી કારતક સુદ ૮ ગુરૂવાર
૦૫ નવેમ્બર કારતક સુદ ૧૫ બુધવાર
૨૦૨૫
: Live On :
Vadtal Mandir
:: આયોજક ::
વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી
પ.પૂ.ડો.શા.શ્રીસંતવલ્લભદાસજી સ્વામી-ચેરમેનશ્રી
પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી-મુખ્ય કોઠારીશ્રી
:: સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ મંદિર,
વડતાલધામ
મો.નં. ૭૮૭૪૨ ૫૧૧૧૧/૬૧૧૧૧
: વક્તા :
પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી-સરધારધામ
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ
: વક્તા :
પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ




શ્રીશિક્ષાપત્રીલેખન એવં આચાર્યપદ સ્થાપન દ્વિશતાબ્દી મહોત્સવ-વડતાલધામ ઉપક્રમે...
॥ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ આયોજિત ॥
શ્રીસ્વામિનારાયણ
સત્સંગ શિબિર ૩૪
શ્રી શિક્ષાપત્રી લેખન
આચાર્યપદ સ્થાપન
દ્વિશતાબ્દી મહોત્સવ
૨૦૨૫
કુંડલાધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ૨૨મો પાટોત્સવ
૧૮ થી ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫
આસો વદ-ધનતેરસ થી કારતક સુદ-લાભપાંચમ
YouTube Channel SWAMINARAYAN LIVE
WWW.SWAMINARAYANBHAGWAN.ORG
સ્થળ : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ
પ્રેરક એવં વક્તા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ